# સોનેરી વાળની સુદરી

એક હતો રાજા. તે એક વખત શિકારે ગયો. આખો દિવસ ભટક્યો પણ શિકાર જડયો નહિ. ભટકતો ભટકતો એક વાર ઘોર જગલમા આવી ચડયો.

ત્યા તો એક ઝાડ સાથે એક સ્ત્રીને બાધેલી તેણે જોઈ. બિચારી ભૂખથી પીડાતી હતી. એકબે દિવસના ટાઢતડકાથી કરમાઈ ગઈ હતી. 'કોઈ છોડાવો....કોઈ છોડાવો....!' એવી બૂમો પાડીપાડીને જાણે થાકી ગઈ હતી.'

રાજા ત્યાથી પસાર થયો. તેણે સ્ત્રીને જોઈ. રાજાને દયા આવી ને પોતાની છરીથી તે તેના બધ કાપી નાખ્યા અને સ્ત્રીને મુક્ત કરી.

સ્ત્રી મુક્ત થતા જ પોતાનુ રૂપ બદલીને બોલી : 'હે રાજા! મારા પર તે ઘણો ઉપકાર કર્યો છે. હુ એ નહિ ભૂલુ. લે, આ મારી પાસે માછલી છે, તે તુ ખાઈ જજે. એથી તને પશુપક્ષીની વાણીનુ જ્ઞાન થશે. જોજે, કોઈ બીજ માણસ જરા પણ માછલી ખાય નહિ.'

રાજા પોતાને મહેલે આવ્યો. પેલી બાઈ પોતાના માર્ગે ગઈ.

રાજાએ મહેલે આવી રસોઇયાના હાથમા માછલી મૂકી ને કહ્યુ : જો બહુ સભાળથી આનુ શાક કરજે. મારે એકલાને જ ખાવાનુ છે. જોજે જરાય ચાખ્યુ છે તો !'

રસોઇયો તો શાક કરવા લાગ્યો; શાક તૈયાર થયુ પણ રાજાએ ના પાડી હતી એટલે તો રસોઇયાથી રહેવાયુ જ નહિ. આઘુ પાછુ જોઈને એક બટકુ હફ દઈને રસોઇયે મોમા મૂકી દીધુ.

ત્યા તો વાતો કરતી કીડીનો અવાજ એને કાને પડયો : 'જોજો, હવે ભાઈને માથે થાય તે ! માછલીના શાકનુ બટકુ ખાધુ પણ સોસરુ નીકળશે.'

રસોઇયો મો ફરેવીને જુએ ત્યા તો કીડીબાઈને બોલતા જોયા. રસોઇયો વિચારમા પડયો : 'આ શુ ? કીડી તે કેમ બોલતી હશે ? કીડીએ ઊંચુ મો કરી રસોઇયાને કહ્યુ 'ભલા માણસ ! આ તો માછલીનો પ્રતાપ છે. જે ખાય તેને પશુપક્ષીની વાણી સમજાય.'

રસોઇયો વાત સમજી ગયો.

મચ્છીની રકાબી તૈયાર કરી રસોઇયો રાજા પાસે આવ્યો. રાજાએ પૂછ્ય. 'કેમ, કાઈ ખાધુ તો નથી ને ?'

રાજાએ માછલીનુ એક બટકુ ખાધુ ત્યા તો મહેલ નીચે થતો અવાજ સાભળ્યો : 'એલા જાડિયા ! જરા ઊભો તો રહે ! બહુ ઝટપટ દોડયો જાય છે તે ધોબી લાડવા નહિ ખવડાવે !'

રાજાએ આ વાત સાભળી. બારીએથી નીચે જોયુ તો કોઈ દેખાય નહિ. માત્ર બે બળદ ચાલ્યા જતા હતા; એક જાડો ને એક પાતળો. જાડો આગળ હતો ને પાતળો પાછળ હતો. રાજા કાઈ સમજ્યા નહિ.

ત્યા તો કોયલ પાછળ ઊડતા એક કાગડાનો અવાજ રાજાને કાને પડયો : 'ઈંડા મારા માળામા મૂકી જતા શરમાતી નથી ?'

રાજાએ આજુબાજુ જોયુ તો ત્યા કાગડા અને કોયલને લડતા જોયા. રાજાને ખાતરી થઈ કે ખરેખર પોતાને પશુપક્ષીની વાણી સાભળવાનુ જ્ઞાન થયુ છે.

એટલામા બે ચકલીઓ વઢતી વઢતી આવી. એકના મોમા ત્રણ સોનેરી વાળ હતા; બીજી તેની પાસેથી તે લેવા લડતી હતી. એક કહે : 'એ તો મે લીધા છે, એટલે મારા.' બીજી કહે : 'પણ પહેલા તો મે ભાળ્યા હતા ને ?' એક કરતા કજિયો વધી પડયો. ગાળાગાળીને લડાલડી થઈ પડી. આખા ઓરડામા ધમાચકડી મચી; ચકલીઓના કાઈક કાઈક પીછા પણ પડયા ને ઊડયા. આખરે લડતા લડતા ત્રણે વાળ નીચે પડી ગયા. એક વાળ એક ચકલીએ ને બીજો વાળ બીજીએ ઉપાડયા ને ઊડી ગઈ. રાજાએ ત્રીજો વાળ પોતાના હાથમા લીધો.

જેમ રાજા ચકલીની લડાઈ જોતો હતો ને ગાળાગાળી સાભળતો હતો તેમ પેલો રસોઇયો પણ આ બધુ જોતો હતો ને સાભળતો હતો.

રાજાના મનમા કાઈક વહેમ તો ગયો જ હતો. એટલામા રસોઇયાથી બોલાઈ જવાયુ : 'મહારાજ, ! ચકલામાયે ગાળો તો લાગે છે !'

રાજા ખિજાઈ ગયો ને પૂછ્ય. 'ચકલાઓ બોલે છે તેની તને ક્યાથી ખબર પડી ? જરૂર તે મચ્છી ખાધી લાગે છે. બોલ, માની જઈશ તો ઠીક, નહિતર હમણા ને હમણા મારાવી નાખુ છુ.'

રસોઇયાએ કરગરીને કહ્યુ : 'સાહેબ એક ગુનો માફ કરો. ભૂલભૂલમા એક બટકુ મારાથી ખવાઈ ગયુ છે. પણ હવે શુ કરુ ?'

રાજાએ મનમા વિચાર કર્યો : 'આ ઠીક લાગમા આવ્યો છે; આપણે એને જ કામમા લઈએ. પશુપક્ષીની વાણી સમજે છે એટલે આપણુ કામ પણ કરી શકશે.'



રાજાએ કહ્યુ : 'જો, આ સોનેરી વાળ જોયો ને ? જેને માથે એ હોય તેને અહીં લઈ આવ. અત્યારે ને અત્યારે ચાલતો થા. એક ઘોડો ને જોઈએ તેટલુ ધન લે. એક હજાર દિવસની મુદત આપુ છુ : એ સ્ત્રીને લઈને જ પાછો આવજે, જા.'

રસોઇયો તો તૈયાર થઈ ગયો; ઘોડા પર બેસી ચાલી નીકળ્યો. ચાલતા ચાલતા જોયુ તો રસ્તાની બાજુએ એક ઠેકાણે ધુમાડો નીકળતો હતો, અને બળતુ હતુ. જઈન જુએ તો ત્યા કીડીઓના દર ઉપર

આગ થઈ હતી. કોઈકના મોઢામા ઈંડા છે, કોઈકે દાણા લીધા છે, કોઈકે નાના બચ્ચાને ઉપાડયા છે. ! બધી કીડીઓ બળુ બળુ કરતી ભાગી નીકળે છે.

રસોઇયાને જાઈ કીડીઓએ કહ્યુ : 'ભાઈ ! આમાથી ઉગાર ને ? તારો પાડ થશે. તારો ગણ કદી નહિ ભૂલીએ !'

રસોઇયાને ખડને લાકડીથી આઘુપાછુ કરી નાખ્યુ ને કીડીઓને બળતી બચાવી. કીડીઓએ કહ્યુ : 'જ્યારે કામ પડે ત્યારે અમને સભારજે. અમે તને મદદ કરશુ.'

રસોઇયો આગળ ચાલ્યો. આગળ જતા કાગડાના નાના એવા બચ્ચા ચીં ચીં કરતા હતા. રસોઇયાને દયા આવીને પાસે ગયો. ત્યા તો ભાગ્યાતૂટયા શબ્દોમા તે બોલ્યા : 'અરે ભાઈ ! અમે માળામા ગમ્મત કરતા હતા ત્યાથી નીચે પડી ગયા છીએ. અમને હજી પૂરી પાખો આવી નથી એટલે ઉપર શી રીતે જઈ શકીએ ? જરા ઉપર મૂકતો જા ને ? ભગવાન તારુ ભલુ કરશે.'

રસોઇયાને દયા આવી. તેણે બચ્ચાને માળામા મૂક્યા. બચ્ચાઓએ કહ્યુ : 'કામ પડે ત્યારે અમને સભારજે. કોઈ વાર ખપમા આવશુ.'

રસોઇયો તો ત્યાથી આગળ ચાલ્યો. રસ્તામા જે મળે તેને પેલો સોનેરી વાળ બતાવતો જાય, પણ કોઈ કહે નહિ કે એવી સ્ત્રી કયા રહેતી હશે. એમ કરતા કરતા ઘણા દિવસો નીકળી ગયા.

ચાલતો ચાલતો એ દરિયાકિનારે આવ્યો. ત્યા એક મચ્છીમાર માછલા મારતો હતો. આખા દિવસમા તેને એક માછલી નહોતી મળી. સાજ પડૂ પડૂ થઈ રહી હતી; સૂરજ દરિયાના પાણીમા અર્ધોપર્ધો ડૂબ્યો હતો. મચ્છીમાર ચિડાયો. છેલ્લીવારની જાળ નાખીને ઝટ દઈને બહાર કાઢો, ત્યા તો એમા એક મોટી માણસ જેવડી માછલી આવી. મચ્છીમાર તો ખુશખુશ થઈ ગયો. માછલી તરફડતી હતી. તેણે રસોઇયાને જોઈને કહ્યુ : 'અરે ભાઈ ! આ મચ્છીમાર પાસેથી મને છોડાવ ને ? નહિ તો હમણા મારુ મોત થશે.'

રસોઇયાએ મચ્છીમારને કહ્યુ : 'તારે જેટલા રૂપિયા લેવા હોય તેટલા લે પણ આ માછલીને છોડી મૂક,' હા ના હા ના કરતા મચ્છીમારે દસ રૂપિયા લઈ માછલીને છોડી મૂકી. માછલી તો પાણીમા ગઈ એટલે રાજી થઈ કૂદવા ને નાચવા લાગી. કહે : 'ભાઈ ! તારે જે જોઈતુ હોય તે માગ.'

રસોઇયો કહે : 'મારે તો આ વાળવાળી સ્ત્રીને શોધવી છે અને મેળવવી. તુ જાણતો હો તો કહે.'

મચ્છી કહે : 'હા, હુ જાણુ છુ. દરિયાની વચ્ચે એક બેટ છે, ત્યા એ રહે છે. ત્યાના રાજારાણીને સાત દીકરીઓ છે, રૂપેગુણે ને બધી રીતે સરખી છે; બદલી બદલાઈ જાય એમા આ સૌથી મોટી છે. એના માથાનો આ વાળ છે. એનો બાપ બહુ આકરો છે. એનુ ચીંધેલુ કામ જે કરે તેને કન્યા આપવા તે તૈયાર છે. પણ કામ બહુ કઠણ હોય છે. ચાલ હુ તને ત્યા લઈ જાઉ. પછી તુ તારી બુદ્ધિશક્તિ વાપરજે.'

રસોઇયો તો માછલીની પીઠ ઉપર બેઠો અને માછલી આગબોટની જેમ દરિયાનુ પાણી કાપતી કાપતી ચાલી. થોડી જ વારમા રસોઇયાને બેટ ઉપર ઉતાર્યા.

બીજે દિવસે સવારમા રસોઇયો દરબારમા ગયો. નવો માણસ જોઈને સૌ પૂછવા લાગ્યા. 'ક્યાથી આવ્યા છો ? શુ કામ આવ્યા છો ?'

રાજદરબારમા રસોયે કહ્યુ : 'જેને માથે આ સોનેરી વાળ છે તે સુદરીને હુ લઈ જવા આવ્યો છુ. ગમે તે જોખમ ઉઠાવીશ, ગમે તે કામ કરીશ, પણ એને તો લઈ જ જવી છે.'

રાજાએ રહ્યુ : 'ઠીક ત્યારે; કાલે સવારે આવજો.'

બીજે દિવસે સવારે રાજાએ એક મોતીનો હાર તોડીને ખડ અને રેતીની અદર વેરી નાખ્યો. મોતી સાવ ઝીણા હતા. રાજાએ કહ્યુ : 'હવે આ મોતી એકઠા કરી આપો ને જેવો હાર હતો તેવો બનાવી દો.'

ખડ અને રેતીમાથી એકે મોતી હાથ આવે એમ નહોતુ. રસોઇયો મૂઝાયો. પણ ત્યા એને કીડીઓ સાભરી. કીડીઓને જ્યા સભારી ત્યા તો ટોળાબધ હાજર થઈ.

રસોઇયો કહે : 'આજ તમારુ કામ પડય છે. આ રેતીમા મોતી વીખરાઈને પડયા છે તે એકઠા કરી તેનો હાર બનાવી આપો.'

કીડીઓ ચટચટ કામે લાગી ગઈ. ઘડીકમા તો રેતીમાથી બધા મોતી શોધી કાઢયા અને હાર તૈયાર કરી દીધો. રસોઇયો ખુશખુશ થતો રાજા પાસે ગયો અને રાજાને આખો હાર આપ્યો.

રાજા કહે : 'એમા કાઈ નહિ. તમારે મારી દીકરી જોઈતી હોય તો તમે ફરી વાર એક કામ કરો. જાઓ, અમૃતકૂપી લઈ આવો.'

રસોઇયો વિચારમા પડયો. તેને પેલા કાગડા સાભર્યા. સ્મરણ કર્યું ત્યા તો કાગડા આવીને કા કા કરતા ઊભા રહ્યા. પૂછય : 'કહો, શુ કામ છે ? જે હોય તે કહો.'

રસોઇયો કહે : અમૃતકૂપી જોઈએ છે. ક્યા છે તે બતાવશો ?'

એક કાગડાએ કહ્યુ : 'ચાલો મારી સાથે. હુ ઊડુ એ માર્ગે ચાલ્યા આવજો.'

રસોઇયો કહે : 'ઠીક'.

કાગડો તો આગળ કા કા કરતો ઊડવા માડયો અને રસોઇયો પાછળ પાછળ ચાલ્યો. બેટની હદ પૂરી થઈ ત્યા રસોઇયો અટકીને ઊભા રહ્યો. વિચાર કર્યો : 'હવે પાણીમા આગળ શી રીતે ચાલવુ ? કાગડો તો અધ્ધર ઊડ છે. ત્યા તો પેલી માછલી તો હાજરાહજૂર તૈયાર જ હતી.

તે કહે : 'શુ કામ પડય છે ?'

રસોઇયો કહે : 'જમીન ઉપર જવુ છે.'

મધદરિયે માછલી ચાલી જાય છે; રસોઇયાને પોતાની પીઠ પર લીધો છે. થાડી વારે બને કિનારે આવી પહોચ્યા.

કાગડે કહ્યુ : 'આ કુડમા અમૃતકૂપી છે. ડૂબકી મારીને અદર જાઓ. જઈને છેક તળિયે ખાડો છે એમા હાથ નાખજો. ઘણા ભમરાઓ તમારે હાથે વળગી પડશે પણ ડર્યા વિના ખાડામા રહેલી અમૃતક્પી કાઢો લેજો. એક વિષની કૂપી છે અને બીજી અમૃતકૂપી છે.'

રસોઇયો તો કાગડાના કહેવા પ્રમાણે વિષકૂપી અને અમૃતકૂપી બને લાવ્યો. ભમરાએ હાથ કરડી ખાધો, પણ હિમત રાખી કૂપીઓ ઉપર લઈ આવ્યો. પછી કાગડો આગળ ચાલ્યો અને રસોઇયો પાછળ ચાલ્યો.

રસ્તામા એક કરોળિયો એક માખીને પકડતો હતો. પકડાતા પકડાતા માખી બોલી : ' અરે ભાઈ ! આ જાળમાથી છોડાવ ને ?' પણ એટલામા તો માખી મરી ગઈ.

રસોયે પેલી અમૃતકૂપીનો અનુભવ લેવા વિચાર કર્યો. અમૃતકૂપી ઉઘાડીને તેના એક બે ટીપા માખી પર નાખ્યા. માખી તરત સજીવન થઈ.

રસોઇયાને ખાતરી થઈ કે બસ બરાબર, આ કૂપી જ અમૃતકૂપી છે.

રસોઇયો પાછો બેટમા રાજા પાસે આવી પહોચ્યો. રાજા ખુશીખુશી થયો. તે કહે : 'ચાલો ત્યારે, હવે જે સ્ત્રીને લેવા તમે આવ્યા છો તેને ઓળખી લો.'

રાજાએ તો પોતાની સાતે દીકરીઓને એકસાથે બેસારી. સહુને સરખેસરખા લૂગડાઘરેણા પહેરાવ્યા. રૂપરગતો એવા હતા કે એકબીજીથી બદલી બદલાઈ જાય. સાતેને જોઈને રસોઇયો વિચારમા પડયો.

રાજા કહે : 'જો ભૂલ થશે તો થઈ રહ્યુ. મારે બરાબર વિચાર કરીને પસદ કરજો.'

રસોઇયો મૂઝાયો. ત્યા તો પેલી માખી ઊડતી ઊડતી ત્યા આવી, કહે : 'કેમ ભાઈ ! શી મૂઝવણ છે ?'

રસોયે બધી વાત કહી.

માખી કહે : 'જો, હુ જેના મોઢા ઉપર બેસુ તેનો હાથ પકડજે. એ જ તારા સોનેરી વાળવાળી સ્ત્રી હશે.'

એમ કહીને બણબણ કરતી માખી તો પેલી સ્ત્રી ઉપર જઈને બેઠી. હળવે રહી. રસોઇયાભાઈએ તેનો જ હાથ પકડયો. રાજા પણ દિગ થઈ ગયો.

પછી છેવટે રાજાએ કન્યાને શણગારીને રસોઇયાને સોપી દીધી.

રસોઇયો પોતાને દેશ પાછો આવ્યો અને પોતાના રાજાને કન્યા સોપી. રાજા ઘણો ખુશી થયો ને રસોઇયાને મોટી જાગીર આપીને ખુશી કર્યો.

પછી રાજાએ એ કુવરી સાથે લગ્ન કર્યા ને ખાધુપીધુ ને રાજ કર્યું.

— કિશોર કથાઓ(ગિજુભાઈ બધેકા)

■